# લાંછન

'લાંછન' સંસ્કૃત શબ્દ છે અને તેનો અર્થ થાય છે 'નિશાની' અથવા 'ચિહ્ન'. લાંછન ઉપરથી પ્રાકૃત અને અપભ્રંશમાં 'લંછણ' શબ્દ પણ વપરાય છે.

'લાંછન' માટે 'मषतिलकादिक चिह्न', 'लंछणं अंको चिंधं', 'उल्मुकादिभिरंकनं' ઇત્યાદિ ઉલ્લેખો પ્રાચીન ગ્રંથોમાં મળે છે. લાંછન માટે 'ચિહ્ન' ઉપરાંત 'ધ્વજ', 'લિંગ' જેવા શબ્દો પણ વપરાય છે.

કેટલાક શબ્દોના અર્થમાં ચડતીપડતી થાય છે. અર્થવિસ્તાર, અર્થસંકોચની પ્રક્રિયા શબ્દોની બાબતમાં થયા કરે છે. કેટલાક શબ્દો વખત જતાં હલકા અર્થમાં પણ વપરાવા લાગે છે, એટલે કે તેના અર્થવિનિપાતની ક્રિયા પણ થાય છે. 'લાંછન' શબ્દ તીર્થંકરોની બાબતમાં શ્રેષ્ઠ ચિહ્નના, અર્થમાં વપરાય છે, પરંતુ વર્તમાન સમયમાં લોકવ્યવહારની ભાષામાં 'લાંછન' શબ્દ 'કલંક' અથવા 'ડાઘ'ના અર્થમાં પણ વપરાય છે.

વ્યક્તિની ઓળખ માટે એનાં લક્ષણો ઉપકારક નીવડે છે. કેટલાંક લક્ષણો સારાં હોય છે અને કેટલાંક ખરાબ હોય છે. આંખે કાણો, હાથે ઠૂંઠો, પગે લંગડો, કોઢવાળો કે એવાં કોઈક ખરાબ લક્ષણો દ્વારા પણ માણસ તરત ઓળખાઈ આવે છે. જેમ વ્યક્તિ પુણ્યશાળી કે ભાગ્યવાન તેમ એના શરીરમાં અસામાન્ય શુભ લક્ષણો જોવા મળે છે અને તે લક્ષણોને વધુ મહત્ત્વ અપાય છે. તીર્થંકરોને ઓળખવા માટે એમનાં અસામાન્ય એવાં અનેક શુભ બાહ્ય લક્ષણોમાંથી કોઈ વિશિષ્ટ એકાદ લક્ષણને સૌથી મહત્ત્વનું ગણવામાં આવે છે. એ રીતે 'લાંછન' એ તીર્થંકરને ઓળખવા માટેનું એક વિશિષ્ટ લક્ષણ છે.

અજાણી કોઈ વ્યક્તિને ઓળખવા માટે ઊંચાઈ, આંખોનો રંગ, ચામડીનો વર્ણ વગેરે લક્ષણો કામ લાગે છે. એવાં સામાન્ય લક્ષણો દેહનું વર્ણન કરવામાં મદદરૂપ બને છે. એમ છતાં જ્યારે એવા વર્ણનવાળી સમાન વ્યક્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક કરતાં વધુ હોય ત્યારે તેમાં ગેરસમજ થવાનો સંભવ રહે છે. પરંતુ દરેક મનુષ્યનાં અંગાંગોમાં, મસ્તક કે ચહેરા ઉપર, હાથે કે પગે અથવા શરીરના અન્ય કોઈ ભાગમાં એવી કોઈક વિશિષ્ટ નિશાની હોય તો તે વડે એને તરત ઓળખી શકાય છે. તલ, મસો, લાખું, રુઝાયેલો ઘા, રસોળી, ડાઘો, રુંવાટી, ભૂરી આંખો, ધોળા વાળ, માથે ટાલ વગેરે જેવા કોઈ લક્ષણથી અજાણી વ્યક્તિને ઓળખવાનું અઘરું નથી. જ્યાં સમાન ચહેરા હોય કે જ્યાં સમાન દેહાકૃતિ હોય ત્યાં આવાં જુદાં કોઈક લક્ષણોની અપેક્ષા વધારે રહે છે. વર્તમાન સમયમાં શરીર પરનાં વિશિષ્ટ લક્ષણો દ્વારા તથા ફોટોગ્રાફ દ્વારા અજાણ્યા માણસને ઓળખવાનું સરળ થઈ પડે છે. પાસપૉર્ટ માટે અને પોલીસ ખાતાના રેકોર્ડ માટે અનેક માણસોના ફોટાઓ ઉપરાંત એનાં વિશિષ્ટ લક્ષણો (Identification Marks)ની નોંધ રાખવામાં આવે છે. બે માણસના હાથ અને પગની રેખાઓ સરખી હોતી નથી. તેમાં પણ, એમ કહેવાય છે કે દુનિયામાં કોઈ પણ બે માણસના હાથના અંગૂઠાની રેખાઓની છાપ ક્યારેય સરખી હોતી નથી. એ રેખાઓમાં અનંત વૈવિધ્ય રહેલું છે. એટલે કે દરેક માણસના શરીરમાં એવું તો કંઈક લક્ષણ હોય છે કે જે એનું પોતાનું વિશિષ્ટ, એકલાનું જ હોય છે. તેવા એક લક્ષણ દ્વારા કે થોડાંક લક્ષણોના સમૂહ દ્વારા માણસને ઓળખવાનું સરળ થઈ પડે છે.

શરીરનાં વિવિધ અંગોનાં અવલોકન ઉપરથી માનવજાતિએ પોતાના અનુભવને આધારે કેટલાંક લક્ષણોને ઉત્તમ પ્રકારનાં, કેટલાંકને મધ્યમ પ્રકારનાં અને કેટલાંકને કનિષ્ઠ પ્રકારનાં ગણાવ્યાં છે. શરીરના વિભિન્ન અવયવોમાં રહેલાં એવાં ઉત્તમ લક્ષણોમાંથી જેનામાં બત્રીસ ઉત્તમ લક્ષણો હોય તેવા માણસને 'બત્રીસલક્ષણો' કહેવામાં આવે છે. તે માણસ ભાગ્યશાળી અને શુકનવંતો ગણાય છે.

ભારતીય સામુદ્રિકશાસ્ત્રમાં માનવશરીરનાં વિભિન્ન લક્ષણોનું જેટલું ઝીણવટભર્યું અવલોકન, પૃથક્કરણ અને અધ્યયન થયું છે અને તે દ્વારા જે શુભાશુભ અનુમાનો તારવવામાં આવ્યાં છે તેવું દુનિયાના અન્ય કોઈ સાહિત્યમાં જોવા મળતું નથી. શરીરનાં વિવિધ અંગોને પણ લક્ષણ, વ્યંજન (મસો, તલ વગેરે), ગુણ, માન (પાણીથી માપ), ઉન્માન (વજનથી માપ), પ્રમાણ (આંગળથી માપ)ની દૃષ્ટિએ તપાસી તેના ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ પ્રકારો દર્શાવવામાં આવ્યા છે. ભગવાન મહાવીરના શરીરનું વર્ણન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'કલ્પસૂત્ર'માં લખવામાં આવ્યું છે : अहीण – पडिपुन्नपंचिंदियसरीर लक्खणवंजणगुणोववेयं माणुम्माणपमाणपडिपुन्नसुजाय सव्वंगसुंदरंग।' (અર્થાત્ હીનતારહિત, પાંચેય ઇન્દ્રિયોથી પરિપૂર્ણ શરીરવાળા તથા લક્ષણો, વ્યંજનો અને ગુણોથી યુક્ત, માન, ઉન્માન અને પ્રમાણથી પરિપૂર્ણ, સુજાત અને સર્વાંગસુંદર...)

મનુષ્યનાં બત્રીસ ઉત્તમ લક્ષણોની ગણનામાં જુદા જુદા ગ્રંથોમાં થોડો ફરક છે. ગુણની દૃષ્ટિએ આ પ્રમાણે ઉત્તમ બત્રીસ લક્ષણ ગણાવવામાં આવે છે:

(૧) નખ, (૨) હાથ, (૩) પગ, (૪) જીભ, (૫) હોઠ, (૬) તાળવું, (૭) નેત્રના ખૂણા – આ સાતે રક્તવર્ણા હોય, (૮) કાખ, (૯) વક્ષસ્થળ, (૧૦) ગળું, (૧૧) નાસિકા, (૧૨) નખ, (૧૩) મૂછ – એ છ ઊંચાં હોય; (૧૪) દાંત, (૧૫) ત્વચા, (૧૬) વાળ, (૧૭) આંગળીનાં ટેરવાં, (૧૮) નખ – આ પાંચ નાનાં પાતળાં હોય; (૧૯) આંખ, (૨૦) હૃદય, (૨૧) નાક, (૨૨) હડપચી, (૨૩) ભુજા – આ પાંચ લાંબાં હોય; (૨૪) લલાટ, (૨૫) છાતી, (૨૬) મુખ – આ ત્રણ વિશાળ હોય; (૨૭) ડોક, (૨૮) જાંઘ (૨૯) પુરુષચિહ્ન – આ ત્રણ લઘુ હોય; (૩૦) સત્ત્વ, (૩૧) સ્વર, (૩૨) નાભિ – આ ત્રણ ગંભીર હોય – એવાં બત્રીસ શુભ લક્ષણવાળો પુરુષ બત્રીસલક્ષણો, શ્રેષ્ઠ અને ભાગ્યશાળી મનાય છે.

શરીરનાં અંગોઅંગમાં રહેલી બત્રીસ મંગળ આકૃતિઓની દૃષ્ટિએ પણ 'બત્રીસલક્ષણો' માણસ કહેવાય છે. એ લક્ષણો નીચે પ્રમાણે છે :

(૧) છત્ર, (૨) કમળ, (૩) રથ, (૪) વજ્ર, (૫) કાચબો, (૬) અંકુશ, (૭) વાવડી, (૮) ધનુષ્ય, (૯) સ્વસ્તિક, (૧૦) તોરણ, (૧૧) બાણ, (૧૨) સિંહ, (૧૩) વૃક્ષ, (૧૪) શંખ, (૧૫) ચક્ર, (૧૬) હાથી, (૧૭) સમુદ્ર, (૧૮) કળશ, (૧૯) મહેલ, (૨૦) મત્સ્ય, (૨૧) જવ, (૨૨) યજ્ઞસ્તંભ, (૨૩) સ્તૂપ, (૨૪) કમંડળ, (૨૫) પર્વત, (૨૬) ચામર, (૨૭) દર્પણ, (૨૮) વૃષભ, (૨૯) પતાકા, (૩૦) લક્ષ્મી, (૩૧) માલા અને (૩૨) મોર.

શરીરનાં અંગાંગોમાં જેમ વધુ ઉત્તમ લક્ષણો તેમ તે વ્યક્તિ વધુ ભાગ્યશાળી મનાય છે. બત્રીસથી વધુ ૧૦૮ કે ૧૦૦૮ ઉત્તમ લક્ષણો ગણાવવામાં આવે છે. એવાં ઉત્તમ લક્ષણો જેનામાં હોય તેવી વ્યક્તિ શ્રેષ્ઠતર-શ્રેષ્ઠતમ ગણાય છે. જૈન માન્યતાનુસાર બળદેવોમાં ૧૦૮ ઉત્તમ લક્ષણો હોય છે, અને ચક્રવર્તીઓમાં તથા તીર્થંકરોમાં એવાં ૧૦૦૮ ઉત્તમ લક્ષણો હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમ લક્ષણોની દૃષ્ટિએ, તીર્થંકરોનાં શરીર સર્વશ્રેષ્ઠ મનાય છે. શુભ કર્મના ઉદયથી તેવાં લક્ષણો સાંપડે છે.

**बत्तीसा अट्ठसयं, अट्ठ सहस्सं व बहुतराई च।**
**देहेसु देहीणं लक्खणाणी सुभकम्म जणिताणि।।**

આ બધાં દેહનાં બાહ્ય લક્ષણો છે. સ્વભાવ કે પ્રકૃતિનાં લક્ષણો તે અભ્યંતર લક્ષણો છે. એના વૈવિધ્યનો તો પાર નથી.

**दुविहा य लक्खणा खलु, अब्भंतर-बाहिरा उ देहीणं।**
**बाहिया सुर वगाइ, अंतो सब्भाव सत्ताई।।**

બાહ્ય લક્ષણોના અંગભૂત અને અંગબાહ્ય એવા બે પ્રકાર છે. શરીરમાં રહેલા અને સામાન્ય રીતે કાઢી ન શકાય એવાં (સિવાય કે ઑપરેશનથી) લક્ષણો તે અંગભૂત અને વસ્ત્ર, આભૂષણ વગેરે દ્વારા ઓળખાતાં લક્ષણો તે અંગબાહ્ય કહેવાય છે. લશ્કરના સૈનિકો, સાધુ-સંન્યાસીઓ, હૉસ્પિટલનાં ડૉક્ટર-નર્સ, વગેરે પોતાના ગણવેશના લક્ષણથી ઓળખાઈ આવે છે. પણ તે કાઢી કે બદલી શકાય એવાં લક્ષણો છે. મૂછ, દાઢી, નખ, માથાના વાળ વગેરે અંગભૂત લક્ષણોમાં પણ ફેરફાર કરી શકાય છે.

તીર્થંકરનું સર્વશ્રેષ્ઠ અંગભૂત લક્ષણ અને અર્થ, ભાવ તથા જીવનની દૃષ્ટિએ સર્વથા અનુરૂપ એવું કોઈ એક લક્ષણ તે 'લાંછન' તરીકે ઓળખાય છે. બધાં જ લક્ષણોને 'લાંછન' તરીકે ન ઓળખાવી શકાય. આમ, 'લાંછન' એ લક્ષણ છે, પણ કોઈ પણ વિશિષ્ટ લક્ષણ 'લાંછન' હોય કે ન પણ હોય.

તીર્થંકરોનાં આ લાંછન આવ્યાં ક્યાંથી? કોણે નક્કી કર્યાં ? પ્રાચીન ગ્રંથો વાંચતાં એમ માલૂમ પડે છે કે દરેક તીર્થંકરની પોતાની જાંઘ ઉપર (કે શરીરના જમણા અંગ ઉપર) આવું એક લાંછન – ચિહ્નાકૃતિ જન્મથી હોય છે.

'અભિધાન ચિંતામણિ'ની સ્વોપજ્ઞ ટીકામાં શ્રી હેમચન્દ્રાચાર્ય લખે છે :

**एते खलु दक्षिणाङ्ग विनिवेशिनो लांच्छनभेदा इति।**

આમ હેમચન્દ્રાચાર્યના જણાવ્યા પ્રમાણે તીર્થંકરોનાં લાંછન એમના શરીરના જમણા ભાગમાં હોય છે.

'આવશ્યક નિર્યુક્તિ' (ગાથા ૧૦૮૦)માં કહ્યું છે કે ઋષભદેવ ભગવાનની બંને જાંઘ ઉપર બળદનું લાંછન હતું. માટે તેઓ ઋષભજિન તરીકે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઓળખાતા હતા. વળી એમની માતાને સ્વપ્નમાં પ્રથમ બળદનું દર્શન થયું હતું. જુઓ :

**उरुसु उसभलच्छण उसभ सुमिणम्मि तेतेण उसभजिणो।**

તીર્થંકરના દેહ ઉપરનું લાંછન તે એમના નામકર્મ અનુસાર હોય છે. તદુપરાંત એ લાંછન એમની પ્રકૃતિને દર્શાવનાર પ્રતિનિધિરૂપ પણ ગણાય છે.

લાંછનો બળદ, હાથી, ઘોડો, સિંહ, મગરમચ્છ, વાંદરો, મહિષ, ગેંડો, હરણ વગેરે જેવાં પશુઓનાં; કૌંચ, બાજ વગેરે પક્ષીઓનાં; સૂર્ય, ચંદ્ર વગેરે અવકાશી પદાર્થોનાં; સ્વસ્તિક, નંદ્યાવર્ત, કમળ, કળશ, શંખ વગેરે મંગલરૂપ મનાતાં પ્રતીકોનાં – એમ વિવિધ પ્રકારનાં હોય છે. આ પ્રત્યેક લાંછનનો પોતાનો કોઈક ઉત્કૃષ્ટ ગુણ હોય છે અને એ ઉત્કૃષ્ટ ગુણ અનંત ગુણના ધારક એવા તીર્થંકર પરમાત્માના જીવનમાં ઉત્કૃષ્ટપણે જોવા મળે છે. માતાને આવેલાં સ્વપ્ન, પોતાના શરીરનો વર્ણ કે અન્ય રૂપ કે લક્ષણ પણ લાંછનની સાથે કે એના ગુણ સાથે સંકળાયેલ હોય છે. ઉ.ત., પદ્મપ્રભુની કાન્તિ અથવા પ્રભા પદ્મના સમૂહ જેવી હતી, એમનું શરીર પદ્મના રાતા વર્ણ જેવું હતું. એમની માતાને પદ્મની શય્યામાં શયન કરવાનો દોહલો (દોહદ) થયો હતો, માતાએ સ્વપ્નમાં પદ્મ-સરોવર પણ જોયું હતું અને ભગવાનના પોતાના શરીર પર પદ્મનું લાંછન હતું. એવી રીતે ચંદ્રપ્રભુની કાન્તિ ચંદ્ર જેવી હતી, એમની માતાને ચંદ્રનું પાન કરવાનો દોહદ થયો હતો, એમની માતાને ચૌદ સ્વપ્નમાં ચંદ્રનું સ્વપ્ન આવ્યું હતું અને ભગવાનના શરીર ઉપર ચંદ્રનું લાંછન હતું. પાર્શ્વનાથ ભગવાન માતાના ગર્ભમાં આવ્યા પછી એક અંધારી રાત્રે માતાને અંધારામાં પણ સર્પ દેખાયો હતો જે એમના પિતા રાજા અશ્વસેનને દેખાયો નહોતો, જે ગર્ભમાં રહેલા પુત્રનો જ ચમત્કાર હતો. વળી ભગવાનના શરીર ઉપર સર્પનું લાંછન હતું. આમ લાંછન માત્ર શરીર પરનું એક ચિહ્ન જ માત્ર ન રહેતાં તીર્થંકરના સમગ્ર જીવનમાં અર્થ અને ભાવની દૃષ્ટિએ વિવિધ રીતે તે સંકળાયેલું જોવા મળે છે.

જૈન માન્યતા અનુસાર આ અવસર્પિણીના કાળમાં ભરત ક્ષેત્રમાં ચોવીસ તીર્થંકરો થઈ ગયા. આ દરેક તીર્થંકરનું પોતાનું જુદું લાંછન છે, જેમ કે 'બળદ' એ ઋષભદેવનું લાંછન છે; 'હાથી' અજિતનાથનું લાંછન છે; 'સર્પ' પાર્શ્વનાથનું લાંછન છે; 'સિંહ' મહાવીરસ્વામીનું લાંછન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્તમાન ચોવીસીના ચોવીસ તીર્થંકરોનાં લાંછન નીચે પ્રમાણે છે.

(૧) ઋષભદેવ - બળદ; (૨) અજિતનાથ - હાથી; (૩) સંભવનાથ - ઘોડો; (૪) અભિનંદનસ્વામી - વાંદરો; (૫) સુમતિનાથ - ક્રૌંચપક્ષી; (૬) પદ્મપ્રભુ - કમળ (પદ્મ); (૭) સુપાર્શ્વનાથ - સ્વસ્તિક (સાથિયો); (૮) ચંદ્રપ્રભુસ્વામી - ચંદ્ર; (૯) સુવિધિનાથ - મગર; (૧૦) શીતલનાથ - શ્રીવત્સ; (૧૧) શ્રેયાંસનાથ - ગેંડો; (૧૨) વાસુપૂજ્યસ્વામી - પાડો; (૧૩) વિમલનાથ - ભૂંડ; (૧૪) અનંતનાથ - બાજ; (૧૫) ધર્મનાથ - વજ્ર; (૧૬) શાંતિનાથ - હરણ; (૧૭) કુંથુનાથ - બકરો; (૧૮) અરનાથ - નન્દ્યાવર્ત; (૧૯) મલ્લિનાથ - ઘડો અથવા કુંભ (કળશ); (૨૦) મુનિસુવ્રતસ્વામી - કાચબો; (૨૧) નમિનાથ - નીલકમળ; (૨૨) નેમિનાથ - શંખ; (૨૩) પાર્શ્વનાથ - સર્પ અને (૨૪) મહાવીરસ્વામી - સિંહ.

ચોવીસ તીર્થંકરોનાં લાંછનો અનુક્રમે જણાવતાં શ્રી હેમચન્દ્રાચાર્યે 'અભિધાનચિંતામણિ'માં લખ્યું છે :

वृषो गजोऽश्वः प्लवंगः क्रौञ्चोऽब्जं स्वस्तिकः शशी।
मकरः श्रीवत्सः खड्गी महिष शूकरस्तथा।।
श्येनो वज्र मृगश्छागो नन्द्यावर्तो घटोऽपि च।
कूर्मो नीलोत्पलं शङ्खः फणी सिंहोऽर्हतां ध्वजः।।

હેમચંન્દ્રાચાર્યે લાંછન માટે અહીં 'ધ્વજ' શબ્દ પ્રયોજ્યો છે.

શ્રી પ્રદ્યુમ્નસૂરિએ 'વિચારસારપયરણ'માં ચોવીસ લાંછનો પ્રાકૃત ભાષામાં નીચે પ્રમાણે અનુક્રમે આપ્યાં છે :

वसह गय तुरय वानर कुञ्चो कमलं च सत्थिओ चन्दो।
मयर सिरिवच्छ गण्डय महिस वराहो य सेणो य।।
वज्ज हरिणो छगलो नन्दवत्तो य कलस कुम्मो य।
नीलुप्पल सङ्ख फणी सीहा य जिणाण चिन्धाइं।।

શ્રી પ્રદ્યુમ્નસૂરિએ લાંછન માટે અહીં 'ચિહ્ન' (પ્રા. ચિન્ધ) શબ્દ પ્રયોજ્યો છે.

તીર્થંકરોની માતાને આવતાં સ્વપ્નોની બાબતમાં જેમ શ્વેતામ્બર અને દિગમ્બર પરંપરા વચ્ચે થોડો ભેદ જોવા મળે છે તેમ તીર્થંકરોનાં લાંછનની બાબતમાં પણ શ્વેતામ્બર અને દિગમ્બર પરંપરા વચ્ચે થોડો ભેદ જોવા મળે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. પાંચમા સુમતિનાથ ભગવાનનું લાંછન શ્વેતામ્બર પરંપરા પ્રમાણે ક્રૌંચ પક્ષી છે અને દિગમ્બર પરંપરા પ્રમાણે ચક્રવાક પક્ષી છે. દસમા શીતલનાથ ભગવાનનું લાંછન શ્વેતામ્બર પરંપરા પ્રમાણે શ્રીવત્સ છે અને દિગમ્બર પરંપરા પ્રમાણે કલ્પવૃક્ષ છે. ચૌદમાં અનંતનાથ ભગવાનનું લાંછન શ્વેતામ્બર પરંપરા પ્રમાણે બાજ પક્ષી છે અને દિગમ્બર પરંપરા પ્રમાણે શાહુડી છે. અઢારમા અરનાથ ભગવાનનું લાંછન શ્વેતામ્બર પરંપરા પ્રમાણે નંદ્યાવર્ત છે અને દિગમ્બર પરંપરા પ્રમાણે મત્સ્ય છે.

આ ઉપરાંત બીજાં બે લાંછનમાં પણ બંને પરંપરા વચ્ચે સહેજ ફરક છે. પંદરમા ધર્મનાથ ભગવાનનું લાંછન શ્વેતામ્બર પરંપરા પ્રમાણે વજ્ર છે અને દિગમ્બર પરંપરા પ્રમાણે વજ્રદંડ છે. વળી એકવીસમા નમિનાથ ભગવાનનું લાંછન શ્વેતામ્બર પરંપરા પ્રમાણે નીલકમળ છે અને દિગમ્બર પરંપરા પ્રમાણે રક્તકમળ છે.

દરેક તીર્થંકરના શરીર ઉપર અદ્વિતીય (અર્થાત્ અન્ય કોઈ તીર્થંકરના શરીરમાં ન હોય એવું) સર્વથા જુદું જ લાંછન હોય એવું નથી. અલબત્ત, વર્તમાન ચોવીસીના ચોવીસે તીર્થંકરોનાં બધાનાં લાંછન જુદાં જુદાં છે, પરંતુ વીસ વિહરમાન જિનેશ્વરોમાં બળદ, હાથી, સૂર્ય, ચંદ્ર, કમળ જેવાં લાંછન એક કરતાં વધારે તીર્થંકરોનાં છે. નીચેની યાદી ઉપરથી એ સ્પષ્ટ થશે.

મહાવિદેહ ક્ષેત્રમાં હાલ વિચરતા વીસ વિહરમાન તીર્થંકરોનાં લાંછન નીચે પ્રમાણે છે : (૧) સીમંધર - બળદ; (૨) યુગમંધર (યુગંધર) - હાથી; (૩) બાહુજિન - હરણ; (૪) સુબાહુ - વાંદરો; (૫) સુજાત - સૂર્ય; (૬) સ્વયંપ્રભ - ચંદ્ર; (૭) ઋષભાનન - સિંહ; (૮) અનંતવીર્ય- હાથી; (૯) સુરપ્રભ - ઘોડો; (૧૦) વિશાલ - સૂર્ય; (૧૧) વજ્રધર - શંખ; (૧૨) ચંદ્રાનન - બળદ; (૧૩) ચંદ્રબાહુ - કમળ; (૧૪) ભુજંગ - કમળ; ૯૧૫) ઈશ્વર - ચંદ્ર; (૧૬) નેમિપ્રભ - સૂર્ય; (૧૭) વીરસેન [વારિષેણ] - બળદ; (૧૮) મહાભદ્ર - હાથી; (૧૯) ચન્દ્રયશા - ચન્દ્ર; (૨૦) અજિતવીર્ય - સ્વસ્તિક.

'વિવિધ પ્રશ્નોત્તર'માં વિહરમાન જિનેશ્વરોનાં લાંછન ગણાવતાં લખ્યું છે:

**वसह गय हरिण कपि रवि ससि सिंह करी य चंदमाणू य।**
**संखो वसहो कमलो कमलो ससि सूर वसहो य हत्थि य चन्दो सत्थिय।।**

(આ યાદી પ્રમાણે સૂરપ્રભ તીર્થંકરનું લાંછન ઘોડો નહિ પણ ચન્દ્ર છે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વીસ વિહરમાન તીર્થંકરોમાં કેટલાંક લાંછન સમાન છે, પરંતુ તે જુદા જુદા પાંચ મહાવિદેહનાં હોવાથી જુદાં ગણાવી શકાય.

અજિતનાથ ભગવાનના સમયમાં પાંચેય ભરત, પાંચેય ઐરાવત અને પાંચેય મહાવિદેહક્ષેત્રમાં મળીને કુલ ૧૭૦ તીર્થંકરો એક જ સમયે વિચરતા હતા. તો એ બધા તીર્થંકરોનાં બધાં જ લાંછન જુદાં જુદાં નહોતાં. એટલે કે કુલ ૧૭૦ જેટલાં જુદાં જુદાં લાંછનો હતાં એવું નથી. અલબત્ત એ બધાં તીર્થંકરોનાં લાંછનોની સંપૂર્ણ માહિતી આપણને મળતી નથી. પરંતુ વર્તમાન સમયના વીસ વિહરમાન તીર્થંકરોનાં લાંછનોમાંથી ઉપર દર્શાવ્યું તેમ કેટલાંક લાંછનો એક કરતાં વધુ તીર્થંકરોનાં છે. એ ઉપરથી પણ સ્પષ્ટ થાય છે કે સર્વકાળને માટે દરેક તીર્થંકરનું જુદું જુદું અનન્ય લાંછન હોવું જોઈએ એવું અનિવાર્ય નથી. પરંતુ પોતપોતાના ક્ષેત્ર અનુસાર અનન્ય હોય છે.

ઋષભ, ચંદ્રાનન, વર્ધમાન અને વારિષેણ એ ચાર તીર્થંકરો શાશ્વત મનાય છે. એટલે કે એમાંના જે કોઈ તીર્થંકરો નિર્વાણ પામે કે તરત તે નામના બીજા તીર્થંકરો થાય છે. એ ચારે તીર્થંકરોનાં લાંછન પણ એના એ જ શાશ્વત રહે છે એવી માન્યતા છે. જોકે આ વિશે જ્ઞાની ભગવંતો તરફથી વધુ પ્રકાશ પડવાની અપેક્ષા રહે છે, કારણ કે શાશ્વત જિનની પ્રતિમાઓનાં લાંછનમાં ક્યાંક ફરક જોવા મળે છે.

અતીત અને અનાગત ચોવીશીના તીર્થંકરોનાં લાંછનો વર્તમાન ચોવીશીના ઊલટા ક્રમે હોય છે. ઉ.ત. ચોવીસમા શ્રી મહાવીરસ્વામીનું લાંછન સિંહ છે તો આવતી ચોવીસીના પહેલા તીર્થંકર શ્રી પદ્મનાથ ભગવાનનું લાંછન સિંહ છે.

ભારતીય સંસ્કૃતિમાં જૈન, હિન્દુ, બૌદ્ધ, દેવદેવીઓની સંખ્યાનો કોઈ પાર નથી. દેવ કે દેવીની મુખાકૃતિ તો શિલ્પીઓ પોતાની કલા અનુસાર લગભગ સરખી બનાવે. એકલી મુખાકૃતિઓ પરથી દેવો કે દેવીઓને ઓળખવાનું સરળ નથી. પરંતુ દેવ-દેવીનાં વાહન, આયુધ તથા અન્ય ઉપકરણ દ્વારા તેમને ઓળખવાનું સરળ થઈ પડે છે. વાઘ, સિંહ, પાડો, કાચબો, ઉંદર, હંસ, મોર, ગરુડ, હાથી, બળદ વગેરે પશુ-પક્ષી વાહન તરીકે જોવા મળે છે. કેટલાંક દેવ-દેવીનાં વાહન સમાન હોય છે પણ એમનાં આયુધ કે ઉપકરણ ઉપરથી તેમની ઓળખ નક્કી થઈ શકે છે. હાથમાં કમળ, પુસ્તક, માળા, શંખ, ચક્ર, વીણા, પાશ, ભાલો, ધનુષ્ય, ફરસી, ત્રિશૂલ વગેરેમાંથી શું શું છે, કેટલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાથ છે અને ડાબા તથા જમણા હાથમાં શું શું છે તેના ઉપરથી પણ દેવ-દેવીઓની આકૃતિ ઓળખી શકાય છે. કેટલાંક દેવ-દેવીઓની મુખાકૃતિ મનુષ્ય જેવી નહિ પણ પશુ કે પક્ષીઓ જેવી હોય છે. એ ઉપરથી પણ તેમને ઓળખી શકાય છે. મસ્તક ઉપર કે હાથે કે પગે પહેરેલા અલંકારો દ્વારા પણ તેઓને ઓળખી શકાય છે. આમ નિશાની દ્વારા દેવ-દેવીઓને ઓળખવાનું જાણકારો માટે અઘરું નથી. જૈન મંદિરોમાં ચોવીસ તીર્થંકરોનાં યક્ષ-યક્ષિણીની મૂર્તિઓ હોય છે. તેમજ ક્યાંક સોળ વિદ્યાદેવીઓની મૂર્તિઓ હોય છે. એ બધાંને એમનાં વાહન, આયુધ કે ઉપકરણ દ્વારા ઓળખી શકાય છે. અલબત્ત એમાં પણ કોઈક-કોઈકની બાબતમાં થોડો ફરક જોવા મળે છે, પરંતુ ઓળખવાનું અઘરું નથી. ઉદાહરણ તરીકે, જૈન મંદિરોમાં પાર્શ્વ યક્ષની મૂર્તિને ઘણા હાથીની સૂંઢને કારણે ગણપતિની મૂર્તિ માનવાની ભૂલ કરે છે, પરંતુ ગણપતિનું વાહન ઉંદર છે અને પાર્શ્વ યક્ષનું વાહન કાચબો છે. વળી હાથમાં રહેલી વસ્તુઓમાં ફરક છે. એવી રીતે હિંદુ અંબામાતા અને નેમિનાથનાં યક્ષિણી અંબિકામાં પણ ફરક છે.

વળી કેટલીક દેવીઓની પ્રતિમાઓમાં પરંપરાથી ફરક જોવા મળે છે. ઉદાહરણ તરીકે, ચક્રેશ્વરીદેવીનું વાહન ક્યાંક ગરુડ બતાવવામાં આવે છે તો ક્યાંક વાઘ પણ બતાવવામાં આવે છે. કુશળ શિલ્પીઓ એ બધાં દેવ-દેવીઓનાં વૈયક્તિક લક્ષણોના સારા જ્ઞાતા હોય છે. કેટલાક તદ્‌વિદો પણ આ બાબતમાં સારું જ્ઞાન ધરાવતા હોય છે. પાદલિપ્તસૂરિકૃત 'નિર્વાણકલિકા' ગ્રંથમાંથી તીર્થંકરોનાં લાંછનો અને દેવ-દેવીઓનાં વાહન, આયુધ, ઉપકરણ વગેરે વિશે આધારભૂત માહિતી સાંપડે છે.

જિનેશ્વર ભગવાનની પ્રતિમા વીતરાગની પ્રતિમા છે. એમાં સરાગતાનાં કોઈ ચિહ્‌ન, આયુધ ઇત્યાદિ હોઈ શકે નહિ. બધા જ તીર્થંકરોની પ્રતિમા એકસરખી હોય છે. એટલે એ પ્રતિમાઓને ઓળખવા માટે લાંછન એ સૌથી અગત્યનું સાધન છે. શિલ્પશાસ્ત્રની પરંપરામાં આ લાંછન તીર્થંકરની પ્રતિમાની નીચેના મધ્ય ભાગમાં કોતરવામાં આવે છે. જ્યાં સુધી આ લાંછન કોતરવામાં આવ્યું નથી હોતું ત્યાં સુધી પ્રતિમા 'સામાન્ય જિન' પ્રતિમા ગણાય છે. 'લાંછન' કોતરવામાં આવતાં તે કોઈ એક નિશ્ચિત તીર્થંકરની પ્રતિમા બને છે.

જિનેશ્વર ભગવાનની પ્રતિમા એમની નિર્વાણઅવસ્થા અનુસાર બનાવાય છે. પ્રત્યેક તીર્થંકર પદ્માસનમાં અથવા ખડ્‌ગાસનમાં (કાઉસગ્ગ ધ્યાનમાં)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિર્વાણ પામે છે. એટલે તીર્થંકર ભગવાનની પ્રતિમા કાઉસગ્ગ ધ્યાનમાં પદ્માસનવાળી અથવા ઊભેલી એવી હોય છે. આ બે સિવાય અન્ય કોઈ આસનમાં તીર્થંકર ભગવાનની પ્રતિમા હોઈ શકે નહિ. (કેટલીક પ્રતિમાઓ અર્ધ પદ્માસનમાં હોય છે. પરંતુ તે પદ્માસનનો જ એક પ્રકાર છે.)

આમ, તીર્થંકરોની પ્રતિમા મુખ્ય બે આસનમાં હોવાથી અને તેમના હાથમાં કોઈ આયુધ કે ઉપકરણ ન હોવાથી, કઈ પ્રતિમા કયા તીર્થંકરની છે એ ઓળખવા માટે અન્ય કોઈ આલંબનની જરૂર રહે છે.

ચોવીસ તીર્થંકરમાં કોઈક રાતા વર્ણના, કોઈક નીલ વર્ણના, કોઈક શ્યામ વર્ણના અને કોઈ કાંચન વર્ણના હોય છે. વર્ણ અનુસાર પ્રતિમા બનાવવામાં આવી હોય તોપણ એક વર્ણની એક કરતાં વધુ તીર્થંકરની પ્રતિમા હોઈ શકે છે, એટલે પણ ઓળખવામાં મુશ્કેલી રહે છે. પરંતુ એકંદરે તો વર્ણ અનુસાર પ્રતિમા બનાવવામાં આવી હોય એવું ઓછું જોવા મળે છે. એટલે તીર્થંકરોની પ્રતિમાને લાંછન ન હોય તો ઓળખવામાં મુશ્કેલી રહે છે. પાર્શ્વનાથ ભગવાનની મોટા ભાગની પ્રતિમાઓમાં માથે નાગની ફણા જોવા મળે છે. એટલે લાંછન વગર પણ તેને ઓળખી શકાય છે. બીજી બાજુ માથે ફણા ન હોય એવી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાઓ પણ ઠીક ઠીક જોવા મળે છે. વળી કોઈ કોઈ ઠેકાણે સુપાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા ફણાવાળી જોવા મળે છે એટલે કે દેહવર્ણ અને ફણા વગેરે દ્વારા પ્રતિમાને નિશ્ચિતપણે ઓળખવામાં પણ કેટલીક મુશ્કેલી તો રહે છે.

આમ, જિનપ્રતિમાઓ આકૃતિની દૃષ્ટિએ લગભગ એક જ સરખી હોવાથી એમને ઓળખવા માટે કોઈ વિશિષ્ટ લક્ષણની અપેક્ષા રહે છે. આ વિશિષ્ટ લક્ષણ તે 'લાંછન' છે.

આમ, તીર્થંકરોનાં લાંછનની એક વિશિષ્ટ પરંપરા જૈન શાસ્ત્રોમાં તેમજ શિલ્પવિદ્યામાં જોવા મળે છે, જે અન્યત્ર ક્યાંય જોવા મળતી નથી.

❑

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org